# ધારીનાં લાયબ્રેરી વિસ્તોરમાં એકી સાથે 3 સિંહણનું આગમન

## સમગ્ર દ્રશ્યે સીસીટીવી કેમેરામાં કેદ



અમરેલી,

ધારી શહેરના લાઈબ્રેરી વિસ્તાસરમાં થોડાં દિવસ પહેલાં ત્રણ સિંહણોએ ગાય પર હુમલો કરી શિકાર કર્યો હોવાના દ્રશ્યોર સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આ સમગ્ર ઘટનાના વિડિયો સોશ્ય લ મીડિયા પર વાયરલ થતા વિસ્તા રમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે.

ધારી ગીર પંથકમં આવેલું હોવાથી અહીં સિંહોની હાજરી સામન્યમ માનવામાં આવે છે. પરંતુ કેટલાક મયથી શિકારની શોધમાં સિંહો ગામડાં તેમજ શહેર તરફ વળતા હોવાની ઘટનાઓમાં વધારો થયો છે. ગીરના જંલગલ વિસ્તાીરમાં શિકારની અછત, વસતીમાં વધારો અને પશુઓની સરળ ઉપલબ્ધસતા જેવા કારણોસર સિંહો હવે રહેણાંક વિસ્તાારોમાં પ્રવેશતા હોય છે. સ્થા નિક લોકોએ રાત્રિના સમયે બહાર નીકળતી વખતે ખાસ સાવચેતી રાખવાની માંગ કરી છે. આ અંગે વન વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. વન વિભાગ દ્વારા સિંહોની હિલચાલ પર નજર રાખી, લોકોને સચેત રહેવા સૂચના આપવામાં આવી છે. ગીર આસપાસના વિસ્તાોમાં માનવ અને વન્ય જીવન વચ્ચેખ વધતો સંઘર્ષ હવે ગંભીર મુદો બની ગયો છે, જેને લઈને દીર્ઘકાલીન આયોજન જરૂરી બન્યું છે. ધારી નજીક આવેલ ગીર રાષ્ટ્રી ય ઉદ્યાન એશિયાટિક સિંહોનું મુખ્ય નિવાસસ્થાધન છે, પરંતુ હવે તેમનું સામ્રાજય શહેરોની સીમા સુધી વિસ્તધરતું દેખાઈ રહયું છે.

# રાજકોટથી ડમરુ-કરતાલના તાલે સોમનાથની પ્રથમ ટ્રેન રવાના




## યાત્રિકો માટે રહેવા-જમવા અને દર્શન સહિતની તમામ સુવિધા

રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સમગ્ર દેશની આસ્થાના કેન્દ્ર તથા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ ખાતે ૮થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ભવ્ય 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી કરવામાં આવનાર છે, ત્યારે રાજકોટથી સોમનાથ જવા માટેની સ્પેશિયલ ટ્રેન ૪ દિવસ દરમિયાન દોડશે, જેમાંની પ્રથમ ટ્રેનનો રાત્રે ૧૨ વાગ્યે રાજકોટ રેલવે સ્ટેશન ખાતેથી પ્રારંભ થયો હતો. આ સમયે ડમરુ અને કરતાલના નાદ સાથે રેલવે સ્ટેશન પર દિવ્ય ધાર્મિક માહોલ સર્જાયો હતો. રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ જણાવ્યું હતું કે, પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મંદિરના પ્રાંગણમાં ૨૫૦૦ ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર અને ૭૨ કલાકનો અખંડ ઓમકાર જાપ કરવામાં આવનાર છે.

જેમાં દેશના વડાપ્રધાન અને સોમનાથ મંદિરના પ્રમુખ નરેન્દ્ર મોદી અહીં ૧૦ જાન્યુઆરીએ ઉપસ્થિત રહેવાના છે. જેને લઈ રાજકોટથી ૭, ૮, ૯ અને ૧૦ જાન્યુઆરીના એમ ૪ દિવસ સ્પેશિયલ ટ્રેન દોડશે. પ્રથમ ટ્રેન રાત્રે ૧૨ વાગ્યે ભક્તિમય માહોલમાં રવાના થઈ હતી. આ તકે મેયર નયનાબેન પેઢડીયા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર પણ ઉપસ્થિત રહ્યા હતા.

**રાજકોટથી સોમનાથ જવા ૪ સ્પેશિયલ ટ્રેન ૧૦ જાન્યુ. સુધી દોડશે**

- સુરત-વેરાવળ ટ્રેન રાત્રે ૧૨.૪૫ વાગ્યે રાજકોટ આવશે અને ૧૨.૫૫ વાગ્યે અહીંથી ઉપડશે.
- વડોદરા-વેરાવળ ટ્રેન રાત્રે ૧.૪૫ વાગ્યે રાજકોટ આવશે અને અહીંથી ૧.૫૫ વાગ્યે ઉપડશે.
- સાબરમતી-વેરાવળ ટ્રેન રાત્રે ૩.૨૫ વાગ્યે રાજકોટ આવશે અને ૩.૩૫ વાગ્યે અહીંથી રવાના થશે.
- રાજકોટ-વેરાવળ ટ્રેન રાત્રે ૧૧.૫૫ વાગ્યે રાજકોટથી રવાના થશે.

**સોમનાથથી રાજકોટ આવવા ૪ સ્પેશયલ ટ્રેન ૮થી ૧૧ જાન્યુઆરી દોડશે**

- વેરાવળ-સુરત ટ્રેન રાત્રે ૧.૫૦ વાગ્યે રાજકોટ પહોંચશે અને અહીંથી ૨ વાગ્યે રવાના થશે.
- વેરાવળ-વડોદરા ટ્રેન રાત્રે ૨.૧૦ વાગ્યે રાજકોટ પહોંચશે અને અહીંથી ૨.૨૦ વાગ્યે ઉપડશે.
- વેરાવળ-સાબરમતી ટ્રેન રાત્રે ૨.૪૫ વાગ્યે આવશે અને રાજકોટથી ૨.૫૫ વાગ્યે રવાના થશે.
- વેરાવળ-રાજકોટ ટ્રેન સવારે ૫ વાગ્યે રાજકોટ પહોંચશે.

# રાજકોટ-રાજસ્થાનના સાયબર ક્રાઇમના ચાર ગુનામાં ફરાર આરોપી પકડાયો



રાજકોટ,

સાયબર ક્રાઈમના ચાર અલગ અલગ ગુનામાં ફરાર શખ્સને પેરોલ ફરલો સ્વોડની ટીમે પકડી લીધો છે. રાજકોટ ઉપરાંત રાજસ્થાનના સાયબર ક્રાઈમના ગુનામાં પણ આ શખ્સડ ફરાર હતો.પેરોલ ફરલો સ્વોડની ટીમ રાજ્યના પેરોલ જમ્પ તથા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા ટીમો કાર્યરત હતી ત્યારે બાતમી પરથી ધ્રુવરાજસિંહ દિગ્વીજયસિંહ જાડેજા (ઉ.વ.૨૮-રહે. ઉદયનગર-૨૧, આશાપુરા કૃપા, મવડી રોડ)ને રાજકોટથી શોધી કાઢી કાર્યવાહી કરી હતી. આ શખ્સો વિરૂધ્ધ રાજકોટનાસાયબર ક્રાઇમ પોલીસ સ્ટે શનમાં અલગ અલગ ત્રણ ગુના તથા રાજસ્થાનના કરોલી સાયબર ક્રાઇમ પોલીસમાં પણ એક મળી ચાર ગુના દાખલ થયા હતાં. તેને શોધી કાઢી સાયબર ક્રાઇમ પોલીસને સોંપાતા તપાસ શરૂ કરવામાં આવી છે. આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ ભાર્ગવસિંહ ઝણકાત, પીએસઆઇ જે. જી. તેરૈયા, એએસઆઇ ઝહીરખાન ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, લાલજીભાઇ ડાંગર, હેડકોન્સ. સિરાજભાઇ ચાનીયા, રાજદિપસિંહ ચૌહાણ, રોહિતભાઇ કછોટ, રાહુલભાઇ ઠાકુર, કોન્સ. કુલદિપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને ડ્રા.કોન્સ. દોલતસિંહ રાઠોડે કરી હતી.

# રાજકોટના મારામારીના અનેક ગુનામાં સામેલ શખ્સ પાસામાં ધકેલાયો : જેલ હવાલે



રાજકોટ,

રાજકોટ શહેરના આજી ડેમ વિસ્તારમાં મારમારી સહિતના અનેક ગુનામાં સામેલ શખ્સને પાસામાં ધકેલી દીધો છે.

મળતી વિગત મુજબ આજીડેમ વિસ્તારિમાં મારમારી સહિતના અનેક ગુનામાં સામેલ અજય જેરામભાઇ મેણીયા (ઉ.વ.૨૭) (રહે. લોઠડા ગામ) ને પાસામાં ધકેલવામાં માટે પીસીબીના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર. ગોંડલીયા સહિતે દરખાસ્ત કરતા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ વોરંટ ઇશ્યું કરતા આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ.બી. જાડેજા સહિતે અજય જેરામભાઇ મેણીયાની પાસા હેઠળ અટકાયત કરી વોરંટની બજવણી કરી અમદાવાદ જેલ હવાલે કર્યો હતો.

# પોલીસ સમાચાર

## રાજકોટ જેલમાંથી પેરોલ જમ્પ કરનાર ફરાર કેદી પકડાયો



રાજકોટ,

રાજકોટ શહેરની મધ્યસ્થ? જેલમાંથી પેરોલ રજા પર ગયા બાદ પરત ન આવી ફરાર થયેલા કેદીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશનરની સુચનાથી પેરોલ ફરલો સ્કોડના પીઆઇ બી.એમ. ઝકાકાર તથા પીએસઆઇ જે.જી. તેરૈયા સ્ટાફ સાથે આરોપીની શોધમાં હતા ત્યારે જેલમાંથી પેરોલ રજા પર ગયા બાદ છેલ્લા બે માસથી ફરાર કેદી રાજકોટમાં હોવાની બાતમી મળતા કેદી ઈશ્વર ઉર્ફે ઇસુ છગનભાઇ મકવાણા (ઉ.વ.૨૭) (રહે. માંડાડુંગર મફતિયાપરા)ને પકડી લીધો હતો.


## રાજકોટના આજીડેમ ચોકડી પાસે પ્રૌઢનું બેભાન હાલતમાં મોત

રાજકોટ,

રાજકોટના આજીડેમ ચોકડી પાસે એક-અજાણ્યોલ પ્રૌઢ બે ભાન હાલતમાં પડયો હોવાની કોઇએ જાણ કરતા ૧૦૮ ની ટીમે સ્થળ પર પહોંચી પ્રૌઢને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. જાણ થતા આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ હેમંતભાઇ ધરજીયાએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન તેના ખીસ્સામાંથી મળેલા આધારકાર્ડમાં તેનું નામ શીવરામ ગુરૂશ્રી પ્રભુદાસભાઇ દુધરેજીયા (રહે. મહુવા, ભાવનગર) નામ લખ્યુ છે. જો કોઇઆ પ્રૌઢના સગાસંબંધી હોય તો આજી ડેમ પોલીસ સ્ટેશન ફોન નં. ૭૦૪૧૫૨૫૫૦૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## રાજકોટના ઘી કાંટા રોડ બંગડી બજારમાંથી આધેડ ગુમ: શોધખોળ

રાજકોટ,



રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પુષ્કરધામ કેવલમ આર.એમ.સી.ના કવાર્ટરમાં બ્લોક નં. ૨૯ કવાર્ટર નં. ૧૬૯૦માં રહેતા જયેશભાઇ ડાયાલાલભાઇ પોપટ (ઉ.વ.૫૨) ગત તા. ૨૦/૧૨ ના રોજ પોતાના ઘરેથી નીકળી ઘી કાંટા રોડ પર બંગડી બજાર એક દુકાન પાસે હતા. ત્યાંથી તે નીકળ્યા બાદ ઘરે પરત ન આવતા તેના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેનો કોઇ પતો ન લાગતા તેના પત્નીએ એ-ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરતા એએસઆઇ બી.વી. ગોહિલે તપાસ હાથ ધરી હતી. જો કોઇને આ યુવાન જોવા મળે તો એ ડીવીઝન પોલીસ સ્ટેશન ફોન નં. ૬૩૫૯૭૯૬૫૮૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## અમરેલીમાં સુળીયા ટીંબા પાસેથી દેશી દારૂની ભઠ્ઠી ચલાવતી મહિલા ઝડપાઈ

અમરેલી

અમરેલીમાં સુળીયા ટીંબા પાસેથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવતી મહિલા ઝડપાતા ચકચાર મચી ગઈ હતી. ૬૦ વર્ષીય મહિલા પોતાના રહેણાંક પાસે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવવાનો ગરમ આથો (વોશ) લીટર-૫૦, ટીપણા સહિત કુલ કિં.રૂ.૧૪૫૦, દેશી દારૂ લીટર-૫ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ કિં.રૂ.૨૫૭૦ ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન પકડાઈ હતી. સાવરકુંડલામાં હાથસણી રોડ પરથી મહિલા પાસેથી દેશી દારૂ બનાવવાનો ૩૫૦ લીટર આથો, બે લીટર દેશી દારૂ સહિત ૯૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ સિવાય ૪૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# રાજુલામાં ફરિયાદ પાસી ખેંચી લેવા મુદ્દે આધેડ પર પાઈપ વડે હુમલો

અમરેલી

રાજુલા તાલુકાના વડનગર ગામે રહેતાં ગોવીંદભાઇ આણંદભાઇ બોરીચા નામના ૫૨ વર્ષીય આધેડ ગત તા.૬ના રોજ બપોરનાં ૩ વાગ્યે પોતાના દિકરાને રાજુલામાં આવેલ ખોજા સોસાયટીમાં ટયુશનમાં મુકી અને મોટર સાઇકલ લઇને ઘરે પરત આવતા હતાં. ત્યારે રાજુલા ગામે રહેતાં આરોપી વિજયભાઇ મંગળુભાઇ વરૂ એક સફેદ કલરની ફોરવ્હીલ ગાડી લઇને આવેલ અને આધેડે અગાઉ આરોપી વિરૂધ્ધમા એટ્રોસીટીની ફરીયાદ કરેલ જેનુ મનદુઃખ રાખીને આ આધેડના મોટર સાયકલ સાથે ટકકર મારી આધેડને પછાડી દઇ અમરેલી રહેતાં છત્રપાલ ચંન્દ્ર કીશોરભાઇ વાળા સહિત બન્ને આરોપીઓ ફોરવ્હીલ ગાડીમાંથી લોખંડની પાઇપ લઇને આધેડને મારવા માટે નીચે ઉતરેલ હતાં. ત્યારે આધેડ ઉભા થઇ રોડ તરફ જતા આરોપીઓ દોડીને તેમની પાસે આવી જઈ અને બન્ને આરોપીઓ આધેડને બન્ને પગના ગોઠણના નીચેના ભાગે આડેધડ લોખંડના પાઇપથી માર મારી જમણા પગના ગોઠણથી નીચેના ભાગે ફ્રેકચર કરી દઇ તથા ડાબા પગે મુંઢમારની ઇજા પહોચાડી તેમજ જમણા હાથની હથેળીના ભાગે ઇજા પહોચાડી તથા શરીરે આડેધડ ઢીકાપાટુનો મારી આધેડને જેમફાવે તેમ ગાળો આપી તથા આરોપીઓ આધેડને જ્ઞાતી પ્રત્યે હડધુત કરી અને જ્ઞાતી પ્રત્યે અશબ્દો બોલી અગાઉ ફરીયાદ કરી હતી તે પાછી ખેંચી લેવાની ધમકી આપી આધેડના આખા પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# સંતાન ન હોવા બાબતે પરિણીતાને 'વાંજણી' કહી દિયર અને નણંદોનો ત્રાસ

અમરેલી

લગ્નના ૧૨ વર્ષ બાદ પણ સંતાન ન થતા પરિણીતાને તેના જ સાસરી પક્ષના સભ્યો દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપી, મારપીટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે પોલીસમાં દિયર, બે નણંદ અને નણંદના દીકરા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગે હાલ અમરેલીમાં રહેતા હેતલબેન માવજીભાઇ ઓળકીયા (ઉ.વ.૪૧)એ ગોંડલામાં રહેતા પતિ રાજુભાઇ સવજીભાઇ ઓળકીયા, નણંદ હંસાબેન રમેશભાઇ મકવાણા, નણંદ હંસાબેનનો દિકરો ઉમેશભાઇ રમેશભાઇ મકવાણા તથા વેરાવળમાં રહેતા નણંદ રશીલાબેન મનસુખભાઇ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, મહિલાના લગ્નજીવનના લાંબા સમય બાદ પણ સંતાન ન હોવાથી તેના સાસરિયાઓ દ્વારા તેને અવારનવાર નિશાન બનાવવામાં આવતી હતી. તાજેતરના સમયગાળા દરમિયાન આ ત્રાસ અસહ્ય બન્યો હતો. આરોપીઓ દ્વારા પરિણીતાનો કોઈ વાંક ન હોવા છતાં તેને 'વાંજણી' કહીને અવારનવાર માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.ઉપરાંત ગાળો આપી, ઢીકાપાટુનો મૂંઢમાર મારીને શારીરિક ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. તમામ આરોપીઓએ એકસંપ થઈને મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે પરિણીતાએ હિંમત દાખવીને સાસરી પક્ષના ચાર સભ્યો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે સ્ત્રી અત્યાચાર અને મારપીટની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# રાજકોટના વોર્ડ નં.૧૨ની જુદી જુદી સોસાયટીમાં ડામર રી-કાર્પેટ કરવાના કામનું ખાતમુહૂર્ત



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં આવેલ આકાશદીપ, ન્યૂ આકાશદીપ, રાજ સોસાયટી, ડી.એમ પાર્ક, શિવ સોસાયટી, પંચનાથ સોસાયટી રામેશ્રવર પાર્ક, શક્તિનગર જલારામ સોસાયટી હરિદ્વાર સોસાયટીમા ડામર રી-કાર્પેટ કરવાના કામનું ખાતમુહૂર્ત સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા,પૂર્વ મેયર અને કોર્પોરેટર ડો.પ્રદીપભાઈ ડવ, કોર્પોરેટર મિત્તલબેન લાઠીયા, નરસિંહભાઈ કાકડીયા, જયેશભાઈ પંડ્યા, ધીરજભાઈ મુગરા, કિશનભાઈ ટીલવા, કિરણબેન હરસોડા, મનસુખભાઈ વેકરીયા, અલ્પાબેન જાદવ, કનકબા ડાભી, જય ગજજર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદના ભાડા ગામમાં ઘરે આવતા મહેમાનો બાબતે ડખો

અમરેલી

તાલુકાના ભાડા ગામે સામાજિક સંબંધો રાખવા જેવી સામાન્ય બાબતે પાડોશી કે સામાવાળા પક્ષે હિંસક વલણ અપનાવ્યું હોવાની ઘટના સામે આવી છે. ફરિયાદીના ઘરે ખબર-અંતર પૂછવા આવતા સંબંધીઓ અને ગામના લોકોની અવરજવર સામાવાળાને ન ગમતા, ઝઘડો કરી મારપીટ કરવામાં આવી હતી.આ અંગે બેબીબેન દેવાભાઈ રાઠોડ (ઉ.વ.૬૦)એ કલ્પેશભાઈ દેવાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના ઘરે જ્યારે ગામના લોકો અથવા સગા-સંબંધીઓ ખબર પૂછવા માટે આવતા, ત્યારે આરોપીને ગમતું નહોતું. તેઓ ત્યાં ન રહે અથવા કોઈની સાથે સંબંધ ન રાખે તેમ ઈચ્છતા હતા આ બાબતની ઈર્ષ્યા અને મનદુઃખ રાખીને વિવાદ ઊભો કરવામાં આવ્યો હતો. ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા સામાવાળાએ ફરિયાદી સાથે ગાળાગાળી કરી હતી. તેમને ગાળો આપી અપમાનિત કર્યા હતા. તેમજ ઢીકાપાટુનો આડેધડ માર મારીને શરીરે ગંભીર મૂઢ માર માર્યો હતો. ઉપરાંત શારીરિક ઈજાઓ

# લુણીધારના બે મંદિરોમાં ચોરી તસ્કરો CCTVમાં કેદ, વડિયા પોલીસે ફૂટેજના આધારે તપાસ શરૂ કરી

અમરેલી

વડિયા-કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામમાં રાત્રિ દરમિયાન ચોરીની ઘટના બની છે. અજાણ્યા તસ્કરોએ સરધારા પરિવારના ખોડિયાર માતાજીના મંદિર અને સ્વામિનારાયણ મંદિરને નિશાન બનાવ્યા હતા. ચોરીની સમગ્ર ઘટના ખોડિયાર માતાજીના મંદિરના ઝઝ્રફ કેમેરામાં કેદ થઈ છે. ફૂટેજમાં બે શખ્સો ચોરી કરતા સ્પષ્ટ દેખાય છે. આ દ્રશ્યો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયા છે. ઘટનાની જાણ થતાં જ વડિયા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ઝઝ્રફ ફૂટેજના આધારે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ તપાસ શરૂ કરી છે. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, આ ચોરીમાં બેથી વધુ લોકો સામેલ હોઈ શકે છે. પંથકમાં છેલ્લા કેટલાક સમયથી નાની-મોટી ચોરીના બનાવોમાં વધારો થયો છે. શિયાળાની ઠંડીનો લાભ ઉઠાવીને તસ્કરો સક્રિય બન્યા હોવાનું જણાઈ રહ્યું છે. ગ્રામજનો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરવામાં આવી છે. ધર્મસ્થાનમાં થયેલી આ ચોરીને પગલે શ્રદ્ધાળુઓમાં રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ આ તસ્કરોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરે તેવી અપેક્ષા છે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.